

ગાંધીનગર તાલુકાના મુખ્ય જંકશન મથક તરીકે જાણીતુ ચિલોડા સર્કલ દર તહેવાર નિમિત્તે માનવ મહેરામણ ઉમટી પડતાં અહીંયાથી પરપ્રાંતિય લોકોનું અવરજવર માટેનું આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. જેમાં રાજસ્થાન તરફ જનારના લોકો માટે હોળી-ધૂળેટી તથા દિવાળી પર્વનો મહિમા અનેરો રહેલો છે. પરિણામે એક માત્ર ચિલોડા એસ.ટી. સ્ટેન્ડ હિંમતનગર તરફ જવાનું બેસવા અને ઉતરવાનું આકર્ષક મોખરાનું સ્થાન ગણાય છે. અહીંયાથી પરપ્રાંતિય ખાનગી વાહનો લકઝરી બસોમાં બેસી તહેવારની મોજ માણવા જતા હોય છે. પરિણામે ચિલોડા સર્કલ પાસેથી લકઝરી બસોના છાપરે બેસી વતન માદરે જવા બિન્દાસથી મુસાફરી કરતા હોય છે. પરિણામે પરપ્રાંતિય લકઝરી બસો વાર-તહેવારે ચિલોડા સર્કલને ફેવરીટ મથકે આવી લકઝરી બસમાં ઓવરલોડ પેસેંજરોની બોલબાલો પ્રવર્તી હોવાથી કાયદાની ઐસી તૈસી તેરી ભી ચૂપ મેરી ભી ચૂપ, પ્રમાણે બેફામ ગતિએ દોડતી લકઝરી બસો જોઈને કાઈ પણ અકસ્માતની પરવા કર્યા વિના જાનના જોખમે તહેવાર માણવા માદરે વતને બસના છાપરે બેસી જઈ રહેલા બિન્દાસ મુસાફરોની બસ સવારી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ટ્રેક્ટર ચોરીના કેસમાં આરોપીના જામીન નામંજૂર

જી.ઈ.બી. કોલોની પાસેથી ટ્રેક્ટરની ચોરી કરી હતી

ગાંધીનગર, તા. ૩૧

જી.ઈ.બી. કોલોની પાસેના છાપરા વિસ્તારમાંથી ટ્રેક્ટરની ઉઠાંતરી કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરી છે.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર ગત તા. ૧૮ સપ્ટેમ્બરના રોજ જીઈબી કોલોની પાસેના છાપરા વિસ્તારમાં પાર્ક કરેલ ટ્રેક્ટરની કોઈ ચોર ઈસમે ઉઠાંતરી કરી હતી. આ મામલે સે. ૨૧ પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે તપાસ હાથ ધરી આરોપી મહેશ પનાભાઈ ગરાસિયાને ઝડપી લીધો હતો.

આ કેસ સંદર્ભે આરોપીએ જામીન પર મુક્ત થવા ગાંધીનગરની ચીફ કોર્ટમાં અરજી કરી હતી. જેમાં સરકારી વકીલ તરીકે ડી.બી. બારોટે દલીલો કરી હતી. વાહનચોરીના ગુન્હા અટકાવવા બનાવની ગંભીરતાને ધ્યાને લઈ આરોપીના જામીન નામંજૂર કરવા દલીલ કરી હતી. જેને ધ્યાને લઈ ચીફ કોર્ટના જજ જે.વી. પરીખે આરોપીની જામીન અરજી નામંજૂર કરી છે.

સે-૨૩ના સ્વામિનારાયણ મંદિરે દિવાળી કાર્યક્રમો

સેકટર-૨૩ ખાતે આવેલા શ્રી સ્વામિનારાયણ મંદિરે દિવાળી નિમિત્તે તેમજ નૂતનવર્ષના કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવી છે. ધનતેરસ તા. ૧લી નવેમ્બરે ઉજવાશે. તેમજ કાળી ચૌદશ ૨જી નવેમ્બર શનિવારે સાંજે ૭.૧૫ વાગે શ્રી હનુમાનજીનું પૂજન, આરતી અને સભા યોજવામાં આવેલ છે. જયારે દિવાળીના દિવસે એટલે કેરવિવારે ૩જી નવેમ્બરે બપોરે ૧૦ વાગે અન્નકૂટની આરતી કરવામાંઆવશે. અન્નકૂટ દર્શન ૧૦ વાગ્યાથી ૧૨.૩૦ વાગ્યા સુધી ચાલુ રહેશે. તા.૪થી નવેમ્બર સોમવારે નૂતન વર્ષ નિમિત્તે સવારે ૬-૦૦ વાગે મંગળા આરતીના દર્શન, મંગળ આર્શિવાદ, સાકરવર્ષાઅનેભકતમિલન મહોત્સવ ઉજવાશે.

ગાંધીનગર પોલીસ ઘરે ઘરે શહેરીજનોને દિવાળી કાર્ડ મોકલશે

વસાહતીઓએ દિવાળી વેકેશન દરમ્યાન શું શું તકેદારીના પગલા લેવા તેનો ઉલ્લેખ કાર્ડમાં હશે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લાને સુરક્ષીત રાખવા માટે ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા નવો કિમીયો અપનાવવામાં આવ્યો છે. તહેવારોમાં સલામતી જળવાઈ રહે તે માટે રાખવી પડતી જરૂરી તકેદારીઓનો ઉલ્લેખ વાળુ દિવાળી કાર્ડ પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. જિલ્લા પોલીસ વડાના શુભેચ્છા સંદેશ સાથેનું આ દિવાળી કાર્ડ ગાંધીનગરના તમામ ઘરે પહોંચાડવામાં આવશે.

દિવાળીકાર્ડમાં વેકેશન દરમ્યાન શું શું તકેદારી રાખવી તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં ઘર બંધ કરીને બહારગામ જતા હોય ત્યારે નજીકના પોલીસ સ્ટેશનમાં અવશ્ય જાણકારી આપો. શક્ય હોય તો આપના પડોશી કેઅંગત પરિચીતનેપણ જાણ કરો, મકાનના બારી-બારણા તથા બાલ્કનીના દરવાજા યોગ્ય રીતે લોક કર્યા છે કે નહી તેની ચકાસણી કરો. બારી કે વેન્ટીલેશનની ગ્રીલ મજબુત હોય તેની ચકાસણી કરો. કિંમતી દાગીના કે રોકડ રકમ ઘરમાં ન મુકો. બેંક લોકર કે અન્ય સુરક્ષીત જગ્યાએ મુકો, પ્રવાસમાં કે ખરીદી દરમ્યાન વધુ રોકડ રકમ સાથે રાખવાને બદલે એ.ટી.એમ. કે અન્ય બેંકીંગ સગવડોનો ઉપયોગ કરો, જો આપનું મકાન ગામ કે શહેરના છેવાડાના વિસ્તારમાં હોય તો બંધ મકાનમાં પણ એકાદ લાઈટ ચાલુ રાખો, તે ઉપરાંત દિવાળીમાં ફટાકડા ફોડતા સમયે અકસ્માતે દાઝી ન જવાય તેની અવશ્ય કાળજી રાખો. બાળકો ફટાકડા ફોડે ત્યારે કોઈ વ્યક્તિએ અવશ્ય સાથે રહેવું. આ પ્રકારની તકેદારીના પગલાનો ઉલ્લેખ દિવાળી કાર્ડમાં કરવામાં આવ્યો છે.

પળવારમાં બોમ્બ ડીસ્પોઝલ કરવા પોલીસ અધિકારીઓને માર્ગદર્શન અપાયું

પટણા બોમ્બ બ્લાસ્ટ બાદ ગાંધીનગર ડીએસપીએ જિલ્લાના અધિકારીઓની બેઠક બોલાવી : તમામ એન્ટ્રી-એકઝીટ પોઈન્ટ પર સઘન ચેકીંગ રાખવા સુચના : તમામ બિનવારસી વાહનોનું ચેકીંગ કરવા આદેશ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર ડીએસપીએ તાજેતરમાં પટણામાં થયેલા બોમ્બ બ્લાસ્ટ અને આવી રહેલા દિવાળીના તહેવારને ધ્યાને રાખીને જિલ્લાના તમામ પોલીસ અધિકારીઓ સાથે મીટીંગનું આયોજન કર્યું હતું. જેમાં એકસ્પોઝીવને લગતા વીડીયો બતાવીને પળવારમાં બોમ્બ ડીસ્પોઝલ કેવી રીતે કરી શકાય તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તે ઉપરાંત તમામ એન્ટ્રી-એકઝીટ પોઈન્ટ પર વાહન ચેકીંગ રાખવા તથા બિનવારસી પડેલા વાહનોનું ચેકીંગ કરવા આદેશ આપવામાં આવ્યા હતાં.

જિલ્લા પોલિસ વડા શરદ સિંઘલે જિલ્લાના તમામ પોલીસ મથકના અમલદારોને જરુરી સુચનાઓ આપી હતી. જેમાં તમામ એન્ટ્રી-એકઝીટ પોઈન્ટ પર સઘન વાહનચેકીંગ રાખી અસરકારક કામગીરી કરવા તથા જાહેર જગ્યાઓ ઉપર કોઈ શંકાસ્પદ અથવા બિનવારસી વાહન મળી આવે તો તેની યોગ્ય ચકાસણી કરવા, જિલ્લાના મહત્વના સ્થળો જેવા કે મહાત્મા મંદિર, અક્ષરધામ, ઈન્ફોસીટી, સે-૨૧ તથા સે-૨૪ શાક માર્કેટ, સચિવાલય, એસ.ટી. બસ સ્ટેન્ડ અને રેલવે સ્ટેશન તથા સિવિલ હોસ્પિટલ જયાં નાગરિકોની સતત અવર જવર રહેતી હોય તેવા સ્થળોએ સઘન પેટ્રોલીંગ કરવા સુચનાઓ આપી હતી. તે ઉપરાંત એકસ્પોઝીવને લગતા વિડીયો બતાવી પળવારમાં બોમ્બ ડીસ્પોઝલ કરવા અંગે જરુરી માર્ગદર્શન આપ્યું હતું. તે ઉપરાંત જિલ્લાના રહીશોને પણ કોઈ બિનવારસી ચીજવસ્તુ કે વ્યકિત શંકાસ્પદ જણાય તો તાત્કાલિક સ્થાનિક પોલીસ સ્ટેશન કે પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરવા અનુરોધ કર્યો છે.

ગાંધીનગરના મસમોટા રોડ જોઈને ગમે વાહનચાલોકની સ્પીડ એકદમ વધી જાય છે. જેના કારણે અકસ્માતો સર્જાય છે. આવો એક અકસ્માત ઘ-૪ પાસે થયો હતો. જેમાં મારૂતિચાલકે બાઈક ચાલકને ટક્કર મારી ઈજાઓ પહોંચાડી હતી. (તસવીર : દિપક જાની)

ગાંધીનગર રેશનલ સમાજ કાળી ચૌદશ રાત્રે અંધશ્રદ્ધા નિવારવા સ્મશાનમાં પ્રિતી ભોજન કરશે

ગાંધીનગર, તા. ૩૧

રેશનલ સમાજ ગાંધીનગર દ્વારા અંધશ્રદ્ધા નિવારવા તા. ૨ નવેમ્બર શનિવાર (કાળી ચૌદશ) રાત્રે ૧૦ થી ૧૨ કલાક દરમ્યાન સરગાસણ સ્મશાન ખાતે 'પ્રિતી ભોજન' કાર્યક્રમ યોજાશે.

આપણી સંસ્કૃતિમાં દિપાવલી એ આનંદ, ઉલ્લાસ અને ઉજાસનું પર્વ તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે કાળી ચૌદશના દિવસે લોકોમાં રહેલી અંધશ્રદ્ધા જોવા મળે છે. ચોકડી ઉપર પુરી, વડા, ભજીયા, મુકી ગોળ કુંડાળુ કરી, પાણી રેડવું, ચૂંદડી મુકવી જેવી અંધશ્રદ્ધાઓ તરફ ખેંચાયેલા લોકો માટે જન જાગૃતિ લાવવામાં આવશે.

વિશ્વ જ્યારે ૨૧મી સદીમાં પ્રવેશી ચુક્યું છે અને શિક્ષણ થકી આપણો દેશ ઉજાસ ફેલાવી રહ્યો છે ત્યારે આપણે અંધશ્રદ્ધા છોડી શિક્ષણનો હાથ પકડી ઉજાસ ફેલાવીએ. કાર્યક્રમમાં કાળી ચૌદશની રાત્રે સરગાસણ સ્મશાનના ખાટલે બેસી પુરી, વડા, ભજીયા ખાવાથી કોઈજ ભૂત કે પલીત આપણને દેખાતુ નથી. તેમજ કોઈપણ પ્રકારની હાની આપણને થતી નથી. કાર્યક્રમમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના પ્રમુખ ઉપસ્થિત રહીને અંધશ્રદ્ધા દૂર કરવા ઉપર વક્તવ્ય આપશે. આ કાર્યક્રમમાં રેશનાલીસ્ટ સમાજના સભ્યો તેમજ જાગૃત, નીડર, નંગરની જનતાને ઉપસ્થિત રહેવા રેશનલ સમાજના મંત્રી પંકજ પટેલે જણાવ્યું છે.

બંધ મકાનોની રેકી કરીને ઘરફોડ કરતો રીઢો શખ્સ ઝડપાયો

જેલમાંથી છુટ્યા બાદ આઠ મહિનામાં છ ઘરફોડ કરી હોવાની કબુલાત : ૧૫ તોલા સોનું, અઢી કીલો ચાંદી મળીને સાડા છ લાખનો મુદ્દામાલ મળી આવ્યો

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં છેલ્લા આઠ મહિનામાં છ-છ ઘરફોડ ચોરી કરીને ફરાર થઈ જનાર શખ્સ આજે ગાંધીનગર એલ.સી.બી.ના સકંજામાં આવી ગયો છે. ઘરફોડ ચોરીના ગુનામાં જ જેલવાસ ભોગવી ચુકેલો રીઢો ઘરફોડીયો ફેબ્રુઆરી માસમાં જેલમાંથી છુટ્યો હતો. છ ઘરફોડ ચોરીઓ શહેરના અલગ અલગ સેક્ટરમાંથી કરી હોવાની કબુલાત આ શખ્સે કરી લીધી છે. ૧૫ તોલા વજનના સોનાના દાગીના અને અઢી કિલો ચાંદીના દાગીના મળીને સાડા છ લાખના મુદ્દામાલ સાથે તેની ધરપકડ કરીને એલસીબીએ સે. ૨૧ પોલીસને સોંપ્યો છે.

ડીએસપી શરદ સિંઘલની સુચનાને પગલે ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમે ઘરફોડીયા શખ્સોને પકડવા બાતમીદારો સક્રીય કર્યા હતા. દરમ્યાન આજે પીએસઆઈ એ.બી. ઠાકોર, એચ.કે. સોલંકી, એએસઆઈ કરણસિંહ, અંબાલાલ, હે.કો. હજારીસિંહ, રાજેન્દ્રસિંહ, કાંતિભાઈ તથા પો.કો. હરીભાઈ ભવાનસિંહ સહિતની એલસીબીની ટીમે શહેરના સે. ૨૮ના બગીચામાંથી અગાઉ ઘરફોડ ચોરીમાં પકડાયેલો રીઢો આરોપી મહમ્મદ સાહીદ ઊર્ફે મુન્નો ઈમરાન અહેમદ ઊર્ફે તોફીક શેખને ચાંદીના અઢી કિલો તથા સોનાના ૧૫ તોલાના દાગીના મળી કુલ સાડા છ લાખ કિંમતના મુદ્દામાલ તથા એક મોબાઈલ સાથે ઝડપાઈ ગયો હતો. મુદ્દામાલ અંગે પુછતાછ કરતા મુળ ઉત્તરપ્રદેશ અને હાલ અમદાવાદના ગેસ્ટહાઉસમાં રહેતા આ રીઢા ઘરફોડીયાએ ઘરફોડ ચોરીનો માલ હોવાની કબુલાત કરી હતી. ફેબ્રુઆરી માસમાં જેલમાંથી છુટ્યો હતો અને બહાર નીકળીને ફરીવાર ઘરફોડ શરૂ કરી હતી. સે. ૨૧, ૨૨, ૨૯, ૩૦ મળીને વિવિધ સ્થળે છ ઘરફોડ ચોરી કરી છે બંધ મકાનોની રેકી કરીને એકલા હાથે ઘરફોડ કરતો હોવાનું બહાર આવ્યું છે.

મહુન્દ્રા ગામની પરિણીતાની આબરૂ લેવાનો પ્રયાસ કરનાર ત્રણ શખ્સો સામે ફરિયાદ

ચિલોડા, તા. ૩૧

ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગામે રાવળ કોમની પરિણીતાની આબરૂ લેવાનો પ્રયાસ કરતાં ગામના ત્રણ શખ્સો સામે ચિલોડા પોલીસ ફરિયાદના આધારે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે મળતી માહિતી મુજબ મહુન્દ્રા ગામમાં રહેતી એક રાવલ કોમની પરિણીતાની ગામના ત્રણ શખ્સો દ્વારા મહિલાને બાથમાં લઈ શારીરિક છેડતી કરી આબરૂ લેવાની કોશિશ કરી હતી. આ અંગે મહિલાના પતિને પણ શખ્સો દ્વારા માર મારી ગાળો બોલી ગુનો આચર્યો હોવાનું જાણવા મળે છે. આ અંગે પરિણીતા કિરણબેન કિરીટભાઈ રાવળે આબરૂ લેવાના પ્રયાસ અને છેડતી અંગે ગામના ત્રણ શખ્સો દાદુ ઉર્ફે બાબુભાઈ મગનભાઈ રાવળ, પશાભાઈ મગનભાઈ રાવળ તથા અર્જુનભાઈ ભીમાભાઈ રાવળ સામે ફરિયાદ આપતાં ચિલોડા પોલીસે ગુનો નોંધી આઈ.પી.સી. કલમ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી બે શખ્સોની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે. આ અંગે વધુ તપાસ પી.એસ.આઈ. એમ.સી. ગોહિલ ચલાવી રહ્યા છે.

ચિલોડા સર્કલ પાસે માર્ગ સમારકામ કરતા વાહનોની બે કિ.મી. સુધી કતાર લાગી

ટ્રાફિકજામથી વાહનચાલકો હેરાન-પરેશાન

ચિલોડા, તા. ૩૧

ગાંધીનગર તાલુકાનું મુખ્ય પ્રવેશ દ્વાર સમા ચિલોડા જંકશન મથક દિનપ્રતિદિન દિવાળી પર્વે લોકોની ભારે અવરજવર અને વાહનોની હેરાફેરીથી ચિલોડા મથક ધમધમી રહ્યું છે. આવા સમયે રોડતંત્ર દ્વારા ચિલોડા સર્કલ પાસે ચોમાસુ પાણીથી રોડ તુટી જવાથી બિસ્માર માર્ગ બન્યો હતો. પરિણામે વાહનોને ભારે મુશ્કેલી અનુભવી હતી. ત્યારબાદ હવે તંત્ર દ્વારા રોડ પરના ખાડા પુરવા કપચી અને ડામર નાખવાની કામગીરી દિવસે આરંભતા ચિલોડા સર્કલ અમદાવાદ-હિંમતનગર, દહેગામ-ગાંધીનગર સાદરા ચિલોડા વગેરે નવ માર્ગીય રસ્તા પરથી પસાર થતાં અસંખ્ય વાહનોની અવરજવર અને ઘસારાને લીધે ભારે ટ્રાફિક જામના દૃશ્યો સર્જાતા ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. આ ટ્રાફિક હળવો કરવા ચિલોડા સર્કલને ફરતે ચિલોડા પોલીસ દ્વારા સતત પેટ્રોલીંગ અને ખડેપગે ટ્રાફિક નિયંત્રણ હળવો કરવા પરસેવો છૂટી ગયો. આમ છતાં લોકોનો આક્રોશ વેઠવાનો વારો આવ્યો હતો. આ ટ્રાફિકને લીધે ઈમરજન્સી એમ્બ્યુલન્સવાનનો સાયરનનો અવાજ ગુંજી ઉઠ્યો હતો.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૯
સૂર્યાસ્ત : ૬.૧૦

તાપમાન

મહત્તમ : ૩૧.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૬.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૦ ટકા ● સાંજે ૬૦ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ક્રિશ -૩ : ૯.૪૫, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ક્રિશ -૩ : ૮.૧૫, ૧૧.૧૫, ૨.૩૦, ૫.૪૫, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
ક્રિશ -૩ : ૧૦.૪૫, ૧.૪૫, ૫.૦૦, ૮.૧૫
: સ્ક્રીન-૪ :
ક્રિશ -૩ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
ક્રિશ -૩ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
મીકીવાયરસ : ૧૦.૦૦
ઈશ્ક એક્ચ્યુલી : ૧૨
અહમદાવાદ જંકશન : ૩.૦૦
વેક અપ ઈન્ડિયા : ૫.૩૦
દિલ્હી ગેન્ગ : ૭.૪૫
શાહિદ : ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
મીકી વાયરસ : ૬.૩૦
શાહિદ : ૧૦.૦૦

સૂર્યા, વાવોલ

ક્રિશ -૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પાટણથી પાકિસ્તાન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ક્રિશ -૩ : ૯.૧૫, ૧૨.૦૦, ૧.૪૫, ૫.૩૦, ૮.૧૫, ૧૧.૦૦
: સ્ક્રીન-૨ :
ક્રિશ -૩ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
ક્રિશ -૩ :૯.૧૫, ૧૨.૦૦, ૧.૪૫, ૫.૩૦, ૮.૧૫, ૧૧.૦૦

ચિરાગ, કલોલ

ક્રિશ -૩ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : ભાગ્ય પર છોડીને કરેલા કાર્યોમાં અનુકૂળતા મળશે. વ્યાપાર-વ્યવસાયિકમાં કાર્યક્ષેત્રનો વિકાર અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે. નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે.

વૃષભ : પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંબંધ પ્રત્યે વિશેષ સાવધાની રાખવી પડેશે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. વ્યાપાર તથા નોકરીમાં ચિંતા દૂર થશે.

મિથુન : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે તાર્ય કરવું. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

કર્ક : કામની સફળતામાં સંદેહ રહી શકે છે. સંતોષપ્રદ વાતાવરણ રહેશે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

સિંહ : તમારો આત્મવિશ્વાસ વધશે. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે. ધર્મમાં આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો બનશે.

કન્યા : સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે. આપને સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ થવાના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે.

તુલા : સ્વયંની આર્થિક સ્થિતિમાં બચત અને સારા વિનિયોજનની તક આવશે. પરાક્રમી પ્રશંસાને કારણે પાસે આવનારા વ્યક્તિઓની અધિકતા રહેશે. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

વૃશ્ચિક : માનસિક સંતોષ પ્રસન્નતા રહશે. આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. આપને આજે ઋણથી મુક્ત થઈ શકશો. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે.

ધન : મહત્વકાંક્ષાઓ પ્રગતિ માટે પ્રેરિત કરશે. સામાજિક માન સન્માનમાં વધશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

મકર : વહીવટ કરતાઓ માટે આર્થિક વૃદ્ધિનો યોગ . વાંચનમાં નવ લાગશે. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે.

કુંભ : વ્યાપારમાં ઉન્નતિ થશે. બંધુઓ પ્રત્યે સહયોગની ભાવના વધશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

મીન : યોજનાઓ ફળશે. સરકારી કામોમાં સફળતા મળવાનો યોગ. આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે. વિરાધીઓ પરેશાન કરી શકે છે.

ચિરવિદાય

- સ્વ. ચંદુલાલ દુર્લભજી દવે (ઉ.વ. ૮૫) પ્લોટ નં. ૧૦૪૨/૨, સેકટર-૧૩/સી, ગાંધીનગર.
- સ્વ. ભાવેશ ધીરજલાલ ચાવડા (ઉ.વ. ૩૧) પ્લોટ નં. ૧૯/૪, સેકટર-૨૨, ગાંધીનગર.
- સ્વ. પ્રવીણભાઈ વરધાભાઈ પટેલ (ઉ.વ. ૩૫) મુ.પો. કુડાસણ, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. હેમતાજી દલાજી ઠાકોર (ઉ.વ. ૩૧) મુ.પો. આમજા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. જીવીબા હીરાલાલ બારોટ (ઉ.વ. ૧૦૦) કૈલાસધામ વૃદ્ધાશ્રમ, મુ.પો. પેથાપુર, તા., જિ. ગાંધીનગર.